**બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક મહિલા કર્મચારીઓને પ્રસૂતિ રજા મંજૂર કરવા બાબત.**

**ગુજરાત સરકાર,**
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક. ED/GRF/e-file/3/2022/2269/G,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ઇ-સાઇન મુજબ

**વંચાણે લીધા:-**

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૧/૦૩/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૦૧૩/૧૭૪/ગ.

(૨) નાણા વિભાગનો તા.૨૪/૦૯/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: પશન/૧૦૨૦૧૪/એમ-૧/પી(પેન્શન સેલ).

(૩) શિક્ષણ વિભાગનો તા.૨૨/૧૦/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૦૧૩/૧૭૪/ગ.

(૪) નાણા વિભાગનો તા.૩૦/૦૪/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: પશન/૧૦૨૦૧૪/એમ-૧/પી(પેન્શન સેલ).

**આમુખ:-**

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના તારીખ ૨૧/૦૩/૨૦૧૭ના ઠરાવથી રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકો, વહીવટી સહાયકો તથા સાથી સહાયકો તરીકે માન્ય ભરતી પદ્ધતિ દ્વારા ફિક્સ પગારથી નિમણૂંક પામેલ મહિલા કર્મચારીઓ તેમજ નિયમિત શૈક્ષણિક અને બિન શૈક્ષણિક મહિલા કર્મચારીઓને નાણા વિભાગના તારીખ ૧૩/૧૧/૨૦૧૪ના જાહેરનામાં મુજબની તારીખ એટલે કે તારીખ ૦૧/૧૦/૨૦૧૪ થી ૧૮૦ દિવસની પ્રસૂતિ રજાનો લાભ આપવામાં આવેલ છે.

બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક મહિલા કર્મચારીઓને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ, ૧૯૭૪ની જોગવાઈઓ મુજબ પ્રસુતિ રજા મળવાપાત્ર થાય છે. આ વિનિયમના વિનિયમ ક્રમાંક-૩૦(૬)(ક)માં થયેલ જોગવાઈ મુજબ જે મહિલા કર્મચારીએ એક વર્ષ કરતા વધારે અને જેને એક કરતાં વધારે બાળક હયાત ન હોય તેવી મહિલા કર્મચારીને ૧૮૦ દિવસની પ્રસુતિ રજા આપવાની જોગવાઈ થયેલ છે. વિનિયમ ક્રમાંક-૩૦(૬)(ખ) મુજબ પ્રસૂતિ રજાના આરંભ પહેલા જે મહિલા કર્મચારીએ બે વર્ષ કરતાં ઓછી નોકરી કરી હોય. તેને આવી રજા અર્ધા પગારે અને 30(૬)(ગ) મુજબ બે વર્ષની અથવા બે કરતાં વધારે વર્ષની નોકરી કરી હોય તેને પૂરા પગારે પ્રસૂતિ રજા મળવાપાત્ર થાય છે.

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૩) સામેના તારીખ ૨૦/૧૦/૨૦૨૨ના ઠરાવથી નાણા વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના તારીખ ૨૪/૦૯/૨૦૨૨ના ઠરાવની જોગવાઇઓ (નોકરી જોડાયા બાદથી જ કર્મચારી માતૃત્વ રજા પર જાય તે

Signature Not Verified
Signed by: Alkesh Chaudhari
Under Secretary
Date: 2025.07.07 12:01:04 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

દિવસથી ૧૮૦ દિવસના સમયગાળાની માતૃત્વ રજા મળવાપાત્ર થાય) લાગુ પાડવાની મંજૂરી આપવામાં આવેલ છે.

નાણા વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૪) સામેના તા.૩૦/૦૪/૨૦૨૫ના ઠરાવથી કાયમી તેમજ હંગામી નોકરી પરના મહિલા સરકારી કર્મચારી નોકરીમાં જોડાયા પહેલા બાળકને જન્મ આપેલ હોય તો ૧૮૦ દિવસમાંથી બાળકના જન્મની તારીખથી નોકરીમાં જોડાયા તારીખના પહેલાની તારીખ સુધીના દિવસો બાદ કરતા બાકી રહેતા દિવસો જેટલી માતૃત્વ રજા મળવાપાત્ર થશે, જેમાં ફરજ પર હાજર દિવસ રજામાં ગણવાનો રહેશે નહી તેવી જોગવાઈ થયેલ છે.

નાણા વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૪) સામેના તા.૩૦/૦૪/૨૦૨૫ના ઠરાવની જોગવાઈઓ બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના મહિલા કર્મચારીઓને લાગુ પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કાયમી તથા હંગામી નોકરી પરના મહિલા કર્મચારીઓને નાણા વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૪) સામેના તા.૩૦/૦૪/૨૦૨૫ના ઠરાવની જોગવાઈઓ લાગુ પાડવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ, ૧૯૭૪માં જરૂરી સુધારો કરવાની કાર્યવાહી છ શાખાએ સત્વરે કરવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૦૧/૦૭/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**e-sign/-**
**(એ.જી.ચૌધરી)**
**ઉપ સચિવ**
**શિક્ષણ વિભાગ**

**પ્રતિ,**

- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (નાણા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦, ગાંધીનગર.(ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ, ૧૯૭૪માં જરૂરી સુધારો કરવાની કાર્યવાહી કરવા સારૂ)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.

- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (કમિશનર શાળાઓની કચેરી મારફતે)
- સેક્શન અધિકારીશ્રી, ગ.૧/ગ.૨/છ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.)
- સિલેક્ટ ફાઈલ-૨૦૨૫.

Signature Not Verified
Signed by:Alkesh Chaudhari
Under Secretary
Date: 2025.07.07 12:01:04 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign